



# યુપીમાં છ પૂર્વ મુખ્યમંત્રીની પ્રતિષ્ઠા દાવ પર


## અખિલેશ, માયા, રાજનાથની કસોટી : ઉત્તરપ્રદેશના મુખ્યપ્રધાન યોગી આદિત્યનાથ માટે ચૂંટણી ખુબ નિર્ણાયક બનનાર છે : રાજનાથ લખનૌથી ઉમેદવાર











લોકસભા ચૂંટણીમાં ઉત્તરપ્રદેશમાં જુદા જુદા પ્રકારના રંગ જોવા મળી રહ્યા છે. દેશમાં ઉત્તરપ્રદેશ કદાચ પ્રથમ રાજ્ય છે જ્યાં જુદા જુદા રાજકીય રંગ જોવા મળી રહ્યા છે. અીં એક બે નહીં પરંતુ છ છ પૂર્વ મુખ્યપ્રધાનો ચૂંટણી મેદાનમાં છે. બે પૂર્વ મુખ્યપ્રધાનો તો એવા છે જેમની પ્રતિષ્ઠાની સાથે સાથે રાજકીય ભાવિ પણ દાવ પર છે. કારણ કે આ બંને પોત પોતાની રાજકીય પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ પણ છે. વર્તમાન અને પૂર્વ મુખ્યપ્રધાન પોતાની અને પોતાની પાર્ટીની પ્રતિષ્ઠા બચાવવા માટે મેદાનમાં ઉતરી રહ્યા છે. મુખ્યપ્રધાન યોગી આદિત્યનાથ માટે આ ચૂંટણી ખુબ મહત્વપૂર્ણ છે. માયાવતીને તેમની પ્રતિષ્ઠા બચાવવા માટે મેદાનમાં ઉતરવાની જરૂર છે. પૂર્વ મુખ્યપ્રધાન અખિલેશ યાદવ અને મુલાયમ સિંહ યાદવની સામે પાર્ટીની લાજ રાખવાની જવાબદારી છે. સમાજવાદી પાર્ટી અને બુજન સમાજવાદી પાર્ટી આ વખતે ભાજપની વધતી તાકાતના કારણે હેરાન પરેશાન છે.

જેથી બંને પાર્ટી ગઠબંધન કરીને સાથે મળીને ભારતીય જનતા પાર્ટી સામે મેદાનમાં છે. સમાજવાદી પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ અખિલેશ યાદવ આજમગઢમાંથી પોતે ચૂંટણી લડી રહ્યા છે. તેમની પાર્ટી બસપ અને અજિત સિંહની પાર્ટી સાથે મળીને ચૂંટણી લડી રહી છે.સમાજવાદી પાર્ટીને તેમની સ્થિતિ વધારે મજબુત કરવાનો પણ પડકાર છે. મુલાયમ સિંહ યાદવ એમ તો સમાજવાદી પાર્ટીના સ્ટાર પ્રચારકોમાં સામેલ છે પરંતુ તેમની સામે પોતાના પુત્ર અને પાર્ટીની પ્રતિષ્ઠા બચાવવા માટેના પડકારોનો સામનો કરવો પડશે. ઉત્તરપ્રદેશના પૂર્વ મુખ્યપ્રધાન અને હાલના કેન્દ્રિય પ્રધાન રાજનાથ સિંહ લખનૌમાથી ચૂંટણી મેદાનમાં છે. વિપક્ષી દળો માટે રાજનાથ લખનૌમાં પડકારરૂપ છે. રાજનાથ સિંહ પોતાની સીટમાં ફસાયેલા રહે તેવા પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. સમાજવાદી પાર્ટીની સાથે ગઠબંધન કરીને ઉત્તરપ્રદેશમાં ચૂટણી લડી રહેલા માયાવતી માટે આ ચૂંટણી નિર્ણાયક બનનાર છે.

માયાવતી પોતે ચૂંટણી લડી રહ્યા નથી. માયાવતીની પાર્ટી છેલ્લી ચૂંટણીમાં એક પણ સીટ જીતી શકી ન હતી. ઉત્તરપ્રદેશના એક દિવસના મુખ્યપ્રધાન તરીકે લોકપ્રિય કોંગ્રેસના પૂર્વ નેતા અને હવે ભાજપમાં સામેલ રહેલા જગદમ્બિકા પાલ એ વખત ફરી લોકસભાની ચૂંટણી લડી રહ્યા છે. છેલ્લી ચૂંટણીમાં તેઓ ભાજપમાં સામેલ થઈ ગયા હતા. અહીંથી જ તેઓ સાંસદ તરીકે ચૂંટાઈ આવ્યા હતા. કલ્યાણ સિંહ તો વડાપ્રધાનને ફરી વડાપ્રધાન બનાવવાની વાત કરીને મુશ્કેલીમાં મુકાઈ ગયા છે. કલ્યાણ સિંહ સામે કાર્યવાહી કરવામાં આવે તેવી શક્યતા દેખાઈ રહી છે.

મુખ્યપ્રધાન યોદી આદિત્યનાથ આ વખતે ચૂંટણી મેદાનમાં નથી. પરંતુ તેમની સામે પાર્ટીને જીતાડવા માટે કેટલાક પડકારો રહેલા છે. યોગી સતત ગોરખપુરમાંથી જીતતા રહ્યા છે. મુખ્યપ્રધાન બન્યા બાદ તેઓએ ગોરખપુર સીટ છોડી દીધી હતી. જો કે ત્યારબાદ યોજાયેલી પેટાચૂંટણીમાં સમાજવાદી પાર્ટીની ઉમેદવારે અહીં જીત મેળવી હતી. ગોરખપુરની સીટ બચાવવાની જવાબદારી તેમની રહેલી છે. તેમની સામે છેલ્લી ચૂંટણી કરતા વધારે સારો દેખાવ કરીને ભારતીય જનતા પાર્ટી ૭૪ કરતા વધારે સીટ જીતે તે પડકારો રહેલા છે. યોગી દ્વારા હાલમાં ઝંઝાવતી ચૂંટણી કાર્યક્રમમાં વ્યસ્ત રહ્યા છે. સાથે સાથે લોકસંપર્ક કાર્યક્રમમા પણ તેઓ સામેલ રહ્યા છે. આવી સ્થિતીમાં આગામી દિવસો તેમના માટે પણ પડકારો રહેલા છે.

# ગુજરાતમાં ૨૬ બેઠકો માટે ૪૫૨ ઉમેદવારો જંગમાં

અમદાવાદ,તા. ૮

ગુજરાત લોકસભાની ચૂંટણીમાં હવે ગણતરીના દિવસો બાકી છે ત્યારે ગુજરાતમાં ચૂંટણીનો માહોલ હવે તેની ચમરસીમા તરફ આગળ વધી રહ્યો છે. તા.છઠી એપ્રિલના રોજ ગુજરાતની ૨૬ લોકસભા બેઠક પર ફોર્મ ચકાસણીની પ્રક્રિયા પૂર્ણ થઈ ગયા બાદ આજે ઉમેદવારીપત્રો પાછા ખેંચવાની છેલ્લી તારીખ હતી. અમદાવાદ સહિત રાજયની વિવિધ લોકસભા બેઠક પરથી આજે અનેક ઉમેદવારોએ પોતાના ઉમેદવારી ફોર્મ પાછા ખેંચી લીધા બાદ અને ક્ષતિ કે ચૂકવાળા ફોર્મ રદ થયા બાદ ચૂંટણી પંચ દ્વારા કરાયેલી જાહેરાત મુજબ હવે રાજયમાં ૨૬ બેઠકો માટે કુલ ૪૫૨ ઉમેદવારો ચૂંટણીના મેદાનમાં છે. જયારે રાજય વિધાનસભાની ચાર બેઠકોની પેટાચૂંટણી માટે ૬૦ ઉમેદવારો મેદાનમાં રહ્યા છે. સૂત્રોના જણાવ્યા મુજબ ગુજરાતની ૨૬ લોકસભા બેઠક પર કુલ ૫૭૨ ઉમેદવારીપત્ર ભરાયા હતા. અમદાવાદ પૂર્વની લોકસભા બેઠક માટે ૪૧ ઉમેદવારીપત્રો ભરાયા હતા, જેમાંથી છ ફોર્મ રિજેકટ થતાં ૩૫ માન્ય ઠર્યા છે. ૩૪ ઉમેદવારોએ ફોર્મ ભર્યા હતા, તેમાંથી ૩૦ ઉમેદવારોના ફોર્મ સ્વીકારવામાં આવ્યા છે.

ચાર ઉમેદવારો અમાન્ય ઠરતાં અને ચારના ઉમેદવારીપત્ર પાછા ખેંચાતા હવે અમદાવાદ પૂર્વની બેઠક માટે ૨૬ ઉમેદવારો મેદાનમાં છે. આ જ પ્રકારે અમદાવાદ પશ્ચિમ લોકસભા બેઠક માટે ૧૭ ઉમેદવારી ફોર્મ ભરાયા હતા, જેમાંથી ચાર રદ થતાં હવે ૧૩ ઉમેદવારો મેદાનમાં રહ્યા છે. ચૂંટણી પંચ દ્વારા કરવામાં આવેલી ચકાસણી બાદ ૧૨૦ ઉમેદવારીપત્રક ખામીયુક્ત હોવાને કારણે ચૂંટણી પંચ દ્વારા તેમને રદ કરી દેવામાં આવતા ગુજરાતમાં ૨૬ લોકસભા બેઠક માટે હવે ૪૫૨ ઉમેદવાર મેદાનમાં રહ્યા છે. રાજયમાં સૌથી વધુ ૪૮ ઉમેદવારીપત્ર સુરેન્દ્રનગર લોકસભા બેઠક પરથી ભરવામાં આવ્યા હતા. જેમાંથી પાંચ ફોર્મ રિજેક્ટ થઈ જતાં હવે ૪૩ ઉમેદવાર મેદાનમાં રહ્યા છે.

જયારે રાજયમાં સૌથી ઓછા ૧૧ ઉમેદવારીપત્ર દાહોદ અને વલસાડની બેઠક પર ભરવામાં આવ્યા હતા. જેમાં દાહોદમાં ત્રણ અને વલસાડમાં બે ફોર્મ રિજેક્ટ થયા છે. આથી દાહોદની બેઠક પર હવે આઠ અને વલસાડની બેઠક પર નવ ઉમેદવાર ચૂંટણી મેદાનમાં રહ્યા છે. દાહોદ ઉપરાંત છોટા ઉદેપુરની બેઠક પર પણ માત્ર આઠ ઉમેદવાર જ ચૂંટણી મેદાનમાં રહ્યા છે. જયારે જામનગરમાં બીજા નંબરે સૌથી વધુ ૪૬ ઉમેદવારીપત્ર ભરાયા હતા. જેમાંથી ૧૨ ફોર્મ રિજેક્ટ કરવામાં આવતા હવે ૩૪ ઉમેદવારો ચૂંટણીના મેદાનમાં રહ્યા છે. રાજયમાં જામનગર પછી સૌથી વધુ ૪૫ ઉમેદવારીપત્ર ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ જયાંથી ચૂંટણી લડવાના છે ત્યાં ગાંધીનગરની બેઠક પર ભરાયા છે. ગાંધીનગરમાં ૧૧ ઉમેદવારીપત્ર રદ થતા હવે કુલ ૩૪ ઉમેદવાર મેદાનમાં રહ્યા છે.

## મોટા ચિલોડા ઓમલેન્ડમાર્ક સ્કૂલ સ્પંદન-૨૦૧૯ વાર્ષિકોત્સવ યોજાયો

ચિલોડા, તા. ૮

ગાંધીનગર તાલુકાની ચિલોડા સ્થિત ઓમ એજ્યુકેશન ટ્રસ્ટ અમદાવાદ સંચાલિત ઓમ લેન્ડમાર્ક સ્કૂલ દર વર્ષે વાર્ષિકોત્સવની ભવ્ય ઉજવણીનું આયોજન કરવામાં આવે છે. આ વર્ષે ઓમલેન્ડ માર્ક (ગુજરાતી માધ્યમ)ના બાળ કલાકારો દ્વારા વિશિષ્ટ અદ્‌ભૂત સાંસ્કૃતિક કાર્યક્રમ-સંપદન-૨૦૧૯નું આયોજન કર્યુ હતુ. જેમાં મુખ્ય મહેમાનપદે બી.એસ.એફ.ના ડીઆઈજી એસ.કે. પ્રસાદ તથા પી.એસ. પટેલના મહાનુભાવોના હસ્તે દીપપ્રાગટ્ય દ્વારા કાર્યક્રમ ખુલ્લો મુકવામાં આવ્યો હતો. આ પ્રસંગે સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી ગિરીશ રાવલે પ્રાસંગિક પ્રવચન દ્વારા સ્વાગત કર્યુ હતુ. તેમણે પ્રવચનમાં કથળતા શિક્ષણની ચિંતાજનક બાબતો જણાવી બાળકના સર્વાંગિ વિકાસમાં માતા-પિતાની વિશેષ જવાબદારી શિરે રહેલી છે. ત્યારબાદ મહેમાનો દ્વારા સંસ્થાને ગૌરવ અપાવનાર તેજસ્વી તારલા-રમતવીરો વિવિધ ક્ષેત્રે ઉત્તમ સિદ્ધિ પ્રાપ્ત કરનાર તમામ ખેલાડીઓને એવોર્ડ આપી સન્માનિત કર્યા હતા. મુખ્ય મહેમાનપદેથી ડીઆઈજી એસ.કે. પ્રસાદે પ્રેરણાદાયી પ્રવચનમાં બાળકોને વિશેષ વાંચન, આત્મવિશ્વાસ કેળવવા જ્ઞાન-સંસ્કાર, શિક્ષણ પ્રાપ્ત કરવા અનુરોધ કર્યો હતો.

આ સાંસ્કૃતિક કાર્યક્રમમાં ગુજરાતી માધ્યમના જુનિયર કે.જી. થી ધો. ૮ સુધીના કુલ ૫૭૭ બાળ કલાકારોએ વિશિષ્ટ ડાન્સ જેવા કે ચીલ્ડ્રન, ધમાલ, ભકિતનૃત્યુ, બંજાબી ડાન્સ, દેશભકિત, દેશી ધમાલ, ડિસ્કોડાન્સ, ફની ડાન્સ, થીમ ડાન્સ, મરાઠી ડાન્સ, ફયુઝન ડાન્સ, શારીરિક આઈટમ, ટપોરી ડાન્સ, ફોક, રાજસ્થાની ડાન્સ, બોલીવુડ ડાન્સ વગેરે કૃતિઓ રજુ કરી પ્રેક્ષકોના દિલ જીતી લીધા હતા. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં બાળ કલાકારોના વાલીઓ ઉપસ્થિત રહી કાર્યક્રમ રસપૂર્વક નિહાળી બાળકોના કલાને બિરદાવી હતી. આ પ્રસંગે સંસ્થાના પ્રિન્સિપાલ જી.એસ. દેધરોટીયા, ઉમંગ પંડ્યા, સંદીપ પનત, ટ્રસ્ટી ડૉ. અશોકભાઈ રાવલ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.







શપથ વિધિ : વલ્લભ યુથ ઓર્ગેનાઈઝેશન અમદાવાદ શાખાના પદાધિકારીઓની શપથવિધિ પરમ પૂજ્ય ૧૦૮ વ્રજરાજકુમારજીના સાંનિધ્યમાં યોજાઈ હતી. પ્રમુખ પથીક પટવારી, ઉપપ્રમુખ કેલન દોશી સહિત પદાધિકારીઓએ સત્ય અને નિષ્ઠાના શપથ ગ્રહણ કર્યા હતા. આ પ્રસંગે મોટી સંખ્યામાં વૈષ્ણવ સમાજના પરિવારો ઉપસ્થિત રહ્યા હતા.

## ગીફટ સીટી ખાતે લેબર સ્કિનીંગ અને અવેરનેસ કાર્યક્રમ યોજાયો



ગાંધીનગર તાલુકાના શાહપુર સ્થિત ગીફટસીટી ખાતે વિશ્વ આરોગ્ય દિવસની ઉજવણી નિમિત્તે ૭મી એપ્રિલના રોજ પ્રાંતિયા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર તથા છાલા સામુહિક આરોગ્ય કેન્દ્રના સંયુકત ઉપક્રમે લેબર સ્કિનીંગ જે ડાયાબીટીસ અને કેન્સર જેવા અસાધ્ય રોગોના નિદાન માટે આરોગ્ય કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. લેબર સ્કિનીંગ અને અવેરનેસ કાર્યક્રમ અંતર્ગત પ્રાંતિયા પીએચસી એમ.પી. ડબલ્યુ પ્રફુલભાઈ પટેલ, વિક્રમભાઈ રાવલ, એન.સી.ડી. સેલ સીએચસીના ભરતભાઈ, મનિષભાઈ અને રશ્મિકાબેન દ્વારા કેમ્પનું સુંદર આયોજન કરાયું હતું. તમામ આરોગ્યકર્મીઓ નિઃસ્વાર્થપણે રવિવાર રજાના દિવસે કર્મયોગી રૂપે ગરીબ શ્રમિકોવર્ગના નાગરિકોની સેવાઓ પુરી પાડી ગૌરવની લાગણી અનુભવી હતી.

## બ્લુ સ્ટારે ૭૫મી વર્ષગાંઠની ઉજવણી નિમિત્તે ૭૫ નવા એર કન્ડિશનર મોડેલ રજૂ કર્યા

એર કન્ડિશનીંગ અને કોમર્સિયલ રેફ્રિજરેશન ક્ષેત્રની અગ્રણી કંપની બ્લુ સ્ટાર લિમીડેટે તેના પ્લેટિનબ જ્યુબિલી વર્ષમાં રૂમ એર કન્ડિશનર્સના ૭૫ નવા મોડેલ રજૂ કર્યા છે. આ સુપિરીયર અને સ્ટાઈલીશ મોડેલ્સમાં ઊર્જા બચત કરતાં ઈન્વર્ટર એસીનો પણ સમાવેશ છે. જે તેની રેટેડ ક્ષમતા કરતા ૩૦ ટકા સુધીની વધારાની ઠંડક આપવા સક્ષમ છે. આને કારણે ભર ઉનાળે પણ મોટા રૂમનું તાપમાન ઝડપથી ઠંડુ થાય છે જેને કારણે ઓછી ઊર્જાનો વપરાશ થાય છે અને વિજળીના બિલમાં નોંધપાત્ર બચત થાય છે. બ્લુ સ્ટારની બહારના યુનિટની અનોખી હેવી ડ્યુટી ડિઝાઈન જેનું વજન ૧.૫ ટનના ફાઈવ-સ્ટાર ઈન્વર્ટર એસી માટે ૪૬ કિલો છે તેને પરિણામે આ શ્રેષ્ઠ કામગીરી થાય છે. આ ઈન્વર્ટર એસીની કિંમત રૂ. ૩૩,૭૮૦થી શરૂ થાય છે. વધુમાં અગ્રણી બેન્કસ અને ફાઈનાન્સ કંપનીઓ સાથે જોડાણને પગલે ગ્રાહકો સરળ ઈએમઆઈ વિકલ્પ સાથે શુન્ય ટકાના દરે ધિરાણ અને કેશ બેક ઓફર મેળવી શકશે. બ્લુ સ્ટારના તમામ ઈન્વર્ટર એસી પહેલા વર્ષ માટેની ખાતરીપૂર્વકની વોરંટી સાથે આવે છે અને કોમ્પ્રેસર માટે ૧૦ વર્ષની લાંબા ગાળાની વોરંટી છે.

બ્લુ સ્ટારે ૫.૩૦ની ઊંચી ISEER સાથેના અતિ ઊર્જા બચાવતા ઈન્વર્ટર એસી પણ રજૂ કર્યા છે.

### ૧૭ ઉમેદવારો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નથી પહેર્યો. મેં સમાજની આંખ ઉઘાડવા આંદોલનમાં ભાગ લીધો હતો.

આજે પણ ઉમેદવારીપત્રો પાછા ખેંચવાની આ પ્રક્રિયા દરમ્યાન ભાજપના સ્થાનિક નેતાઓની હાજરી સૌથી વધુ ચર્ચાસ્પદ રહી હતી.

ઉમેદવારીપત્રો પાછા ખેંચાયા બાદ ૧૭ ઉમેદવારો મેદાનમાં રહ્યા છે. જેમાં ભાજપ-કોંગ્રેસ-બસપા ઉપરાંત નોંધાયેલ રાજકીય પક્ષોના તેમજ અપક્ષ ઉમેદવારો મેદાનમાં રહ્યા છે.

રાજકીય વર્તુળોમાંથી મળતા નિર્દેશો મુજબ આમ તો મુખ્ય સ્પર્ધા ભાજપ કોંગ્રેસ વચ્ચે જ રહેશે. જોકે અન્ય ઉમેદવારો કેટલા મત લઈ જાય છે તેના પર પણ આધાર છે.

### ડેપોને... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગત વર્ષની સાપેક્ષમાં એસ ટી ની આવકમાં રૂ ૨.૬૧ કરોડનો વધારો થયો છે. જયારે આ વર્ષ દરમિયાન એસ ટી ડેપોએ કુલ ૧.૧૧ કરોડ કી મી બસો દોડાવી મુસાફરોને સલામત સવારીની સેવા પુરી પાડી હતી. એસ ટી ડેપો દ્વારા હાલ અંદાજિત ૧૧૬ જેટલી બસો શહેરી બસ સેવામાં દોડાવામાં આવી રહી છે. જેમાં ગાંધીનગર અમદાવાદ સહીત અન્ય ધાર્મિક તેમજ સરકારી કાર્યક્રમો માટે પણ બસો ફાળવવામાં આવે છે. જયારે લગ્નવર્ધિ માટે પણ હવે એસ ટી બસનો વિશેષ ઉપયોગ થાય છે. તહેવારોમાં પણ એસ ટી તંત્ર દ્વારા વિશેષ બસ સેવા પુરી પાડવામાં આવે છે. જેને અનુલક્ષી મુસાફરોને પણ યોગ્ય સમયે બસ સેવાનો લાભ મળી રહે છે. જયારે ખાનગી અને જોખમી સમુસાફરી કરવી પડતી નથી. ગત વર્ષની સાપેક્ષમાં એસ ટી ડેપોની આવકમાં પણ નોંધપાત્ર વધારો થયો છે.

### ૭૫ વચન... ● અનુસંધાન પહેલાનું ચાલુ

સંસદના બંને ગૃહોમાંથી પસાર કરવામાં આવશે અને તેને અમલી કરવામાં આવશે. કોઈપણ રાજ્યની સાંસ્કૃતિક અને ભાષાની ઓળખ ઉપર કોઈ તકલીફ આવશે નહીં. ભાજપના સંકલ્પપત્રમાં સામાન્ય લોકો માટે અનેક અનેક વચનો આપવામાં આવ્યા છે. સંકલ્પપત્રના નામથી ઘોષણાપત્ર જારી કરવામાં આવ્યા બાદ આની ચર્ચા રહી હતી. વડાપ્રધાન મોદી અને અમિત શાહ તથા રાજનાથસિંહની ઉપસ્થિતિમાં સંકલ્પપત્રના નામથી ઘોષણાપત્ર જારી કરાયો હતો જેમાં એવી ખાતરી આપવામાં આવી છે કે, આગામી પાંચ વર્ષમાં દેશમાં સર્વાંગી વિકાસ કરવામાં આવશે જેમાં ઉદ્યોગ, કારોબાર, કૃષિ જગત જેવા ક્ષેત્રોમાં અસરકારક પરિવર્તન મારફતે દેશની અર્થવ્યવસ્થાને નવી ઉંચાઈ ઉપર લઈ જવાના પ્રયાસ થશે. ઘોષણાપત્રમાં સાફ શબ્દોમાં કહેવામાં આવ્યુ છે કે રાષ્ટ્રવાદ પ્રત્યે અમારી પૂર્ણ કટિબદ્ધતા છે.

ત્રાસવાદ પ્રત્યે જીરો ટોલરન્સની આક્રમક નીતિ જારી રહેશે. સાથે સાથે એક મજબુત અને નિર્ણાયક સરકાર આપવાની ખાતરી આપવામાં આવી છે. ભાજપના ઘોષણાપત્રમાં કહેવામાં આવ્યુ છે કે કિસાન સન્માન નિધિ યોજનાનો લાભ તમામ ખેડુતોને આપવામાં આવનાર છે. નાના અને સિમાન્ત ખેડુતોને ૬૦ વર્ષના ગાળા બાદ પેન્શનની સુવિધા આપવામાં આવનાર છે. રાષ્ટ્રીય વેપાર પંચની રચના કરવામાં આવશે. દેશના નાના તમામ દુકાનદારોને પણ ૬૦ વર્ષના ગાળા બાદ પેન્શનની સુવિધા આપવામાં આવશે.

જેટલીએ કહ્યું હતું કે, ઘોષણાપત્રની પ્રથમ થીમ કામ કરનાર સરકાર રહેશે જ્યારે બીજી થીમ ઈમાનદાર સરકાર અને ત્રીજી થીમ મોટા નિર્ણય લેવા વાળી સરકાર રાખવામાં આવશે. જેટલીએ ઉમેર્યુ હતુ કે, અમારી સરકારની મોટી સફળતા મધ્યમ વર્ગ માટે રહેલી છે. પાંચ વર્ષના ગાળામાં એક પણ વખત ટેક્સ લાગૂ કરવામાં આવ્યા નથી પરંતુ એક પાર્ટીના લોકો કહે છે કે, અમે જે લોકોની પાસે કેટલાક ખાસ પ્રકારની સંપત્તિ છે તેમના પર બે ટકાના ટેક્સ લાગૂ કર્યા છે.

### સુશાસન પત્ર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

થશે. એ માટે જ ગરીબોને પોતાનું મકાન મળે તે માટેનો પ્રયાસ થયો છે. ૫૦ લાખ સીનિયર સિટીઝન્સે રેલવે દ્વારા રિઝર્વેશનમાં જે મુક્તિ મળે છે, તે લેવાનું છોડી દીધું છે. લાખો લોકોએ સ્વેચ્છાથી ગેસ સબસીડી છોડી દીધી છે. આપણે ઈમાનદારીની પ્રતિષ્ઠા વધારીએ અને ભ્રષ્ટાચારથી મુક્તિની દિશામાં આગળ વધી રહ્યાં છીએ.

વડાપ્રધાન મોદીએ પોતાના ભાષણની શરૂઆતમાં જ કહ્યું હતું કે, મારી અગાઉ જેટલા પણ વક્તાઓએ જે પણ જાહેરાતો કરી તેના પર હું હસ્તાક્ષર કરું છું. સંકલ્પ પત્રમાં જનતાના મનની વાત કરવામાં આવી છે. રાષ્ટ્રવાદ અમારી પ્રેરણા છે, અંત્યોદય અમારું દર્શન છે અને સુશાસન અમારો મંત્ર છે.

વન મિશન, વન ડાયરેક્શન : અમે દેશને સમૃદ્ધ બનાવવા માટે સામાન્ય લોકોના સશક્તિકરણ માટે લોકતાંત્રિક મૂલ્યોને મજબૂત કરવાના મંત્ર સાથે આગળ વધી રહ્યા છે. કોઈ પણ સરકાર સાથે અમારા વર્ષ ૨૦૧૪થી ૨૦૧૯ સુધીના કામની સરખામણી કરો. અમારા સપનાઓને સાકાર કરવાના સપનાને લઈને અમે આગળ વધી રહ્યા છે.

મોદીએ કહ્યું કે, રાજકીય વ્યવસ્થા, ખાસ કરીને શાસકીય વ્યવસ્થામાં જે ખામીઓ આવી ગઈ છે તેના પર નીતિઓ બનાવીને તેને સુધારવાનું કાર્ય કરવાનો અમે સંકલ્પ લીધો છે. ગામડાઓ, ગરીબો અને ખેડૂતો અમારા કેન્દ્રમાં છે. દેશના નવયુવાનો આવનારા પાંચ વર્ષમાં ૨૦૪૭નું ભવિષ્ય નક્કી કરવાના છે.

આઝાદીનાં ૭૫ વર્ષ માટે અમે ૭૫ લક્ષ્યાંકો નિશ્ચિત કર્યા છે. જે તમામ લક્ષ્યાંકો સુધી પહોંચવા માટે અમારે ક્યા પગલા ભરવા પડશે તેના પર અમે કામ કરી રહ્યા છે. આવી જાહેરાત ભાગ્યે જ કોઈ ચૂંટણી ઢંઢેરામાં કરવામાં આવી હશે. ૨૦૨૨માં અમે કયા-કયા કાર્યો કર્યા તેનો હિસાબ દેશને આપીશું.

### મહત્વના અંશ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

- રાષ્ટ્રીય વેપાર પંચની રચના કરાશે
- દેશમાં નાના દુકાનદારોને પણ પેન્શન અપાશે
- નાના દુકાનદારોને પ્રધાનમંત્રી શ્રમયોગી માનધન યોજનામાં સામેલ કરાશે

**ડિજિટલ ટ્રાન્ઝીક્શન**

- ૧૭૫ ગીગાવોટ નવીનીકરણ ઉર્જા ક્ષમતા હાસલ કરાશે
- ડિજિટલ લેવડદેવડને પ્રોત્સાહન અપાશે
- ડીબીટીથી એક લાખ ૧૦૦૦૦ કરોડની આવક થઈ

**આતંકવાદ**

- રાષ્ટ્રવાદ પ્રત્યે સરકાર સંપૂર્ણપણે કટિબદ્ધ છે
- આતંકવાદ પ્રત્યે ઝીરો ટોલ રન્સની નીતિ રહેશે
- જ્યાં સુધી આતંકવાદ દૂર થશે નહીં ત્યાં સુધી ઝીરો ટોલરન્સની નીતિ રહેશે
- આતંકવાદી હુમલાની સ્થિતિમાં ભારત પાસે જવાબી કાર્યવાહીનો અધિકાર રહેશે.